https://gujarati.news18.com/news/ahmedabad/edii-professor-satya-ranjan-acharya-national-teachers-award-president-vc-1542774.html

# EDIIના પ્રોફેસરને રાષ્ટ્રપતિના હસ્તે નેશનલ ટીચર્સ એવોર્ડ મળશે, જાણો કોણ છે ડૉ. સત્ય રંજન આચાર્ય

**LAST UPDATED :** SEPTEMBER 04, 2023, 22:17 IST




પ્રોફેસર ડૉ. સત્ય રંજન આચાર્યને નેશનલ ટીચર્સ એવોર્ડ 2023 મેળવવા માટે પસંદ કરવામાં આવ્યા છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન તરફથી 13 પુરસ્કાર વિજેતાઓ પસંદ કરવામાં આવ્યા છે. તે પૈકીના ડૉ. સત્ય રંજન આચાર્ય છે.

અમદાવાદઃ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII)માં આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર અને પ્રોફેસર ડૉ. સત્ય રંજન

આચાર્યને નેશનલ ટીચર્સ એવોર્ડ 2023 મેળવવા માટે પસંદ કરવામાં આવ્યા છે. હાયર એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન્સ એન્ડ પોલીટેક્નિક ઇન્સ્ટિટ્યૂટ્સ માટેની એવોર્ડ કેટેગરીમાં તેમને એવોર્ડ મળશે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ 05 સપ્ટેમ્બર, 2023એ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા એનાયત કરવામાં આવશે.

ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન તરફથી 13 પુરસ્કાર વિજેતાઓ પસંદ કરવામાં આવ્યા છે. તે પૈકીના ડૉ. સત્ય રંજન આચાર્ય છે. ડો. આચાર્ય આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશનના ક્ષેત્રમાં એક શિક્ષણવિદ્ છે. તેઓ ઉભરતાં ઉદ્યોગ સાહસિકો, વિકસિત ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપવામાં કુશળતા ધરાવે છે. તેઓ ઇડીઆઇઆઇમાં ડિપાર્ટમેન્ટ ઓફ આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશનના ડાયરેક્ટર અને પ્રોફેસર છે. હાલમાં તેઓ ગુજરાતના કમિશનર ઓફ કોટેજ એન્ડ રૂરલ ઇન્ડસ્ટ્રી દ્વારા સ્પોન્સર કરાયેલા 'હસ્તકલા સેતુ' પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહ્યાં છે.

ભારતમાં શિક્ષકોના ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપવા માટે શિક્ષણ મંત્રાલય દ્વારા અપાતો નેશનલ ટીચર્સ એવોર્ડ એક પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. આ એવોર્ડમાં સર્ટિફિકેટ ઓફ મેરિટ, રોકડ પુરસ્કાર અને સિલ્વર મેડલ આપવામાં આવે છે. નેશનલ ટીચર્સ એવોર્ડ માટે ડો. આચાર્યની પસંદગી ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ પ્રત્યે તેમના સમર્પણ અને કટીબદ્ધતાનો પુરાવો તેમજ ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે તેમની કામગીરીથી ભારતમાં વધુ વાઇબ્રન્ટ આંત્રપ્રિન્યોરલ ઇકોસિસ્ટમની રચના કરવામાં મદદ મળી છે.

ઇડીઆઇઆઇ સાથે જોડાતા પહેલાં તેઓ પ્રતિષ્ઠિત બિઝનેસ સ્કૂલ સાથે સંકળાયેલા હતાં તથા તેમણે આઇઆઇએમ અમદાવાદમાં કેએલ ચેર ઓફ આંત્રપ્રિન્યોરશિપ ખાતે રિસર્ચ ફેલો તરીકે પણ કામ કર્યું છે. તેઓ ન્યૂ એન્ટરપ્રાઇઝ ક્રિએશન, આંત્રપ્રેન્યોરિઅલ ફાઇનાન્સ અને સિક્યુરિટી એનાલિસિસના અભ્યાસક્રમો શીખવે છે. તેમણે એગ્રી આંત્રપ્રિન્યોરશિપ, ટેક્નોલોજી આંત્રપ્રિન્યોરશિપ અને બિઝનેસ ઇન્ક્યુબેશન જેવા ક્ષેત્રોમાં વિવિધ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ હાથ ધર્યાં છે.

તેમણે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ માટે ઉદ્યોગસાહસિકતા શિક્ષણ અને સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન પર વિવિધ ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. તેઓ ગુજરાત સરકાર, ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજ્યુકેશન (એઆઇસીટીઇ)માં એમએચઆરડી ઇનોવેશન સેલ તથા વિવિધ યુનિવર્સિટીઝ/ઇન્સ્ટિટ્યૂશન્સના સ્ટાર્ટઅપ-કેન્દ્રિત પહેલ સાથે જોડાયેલા છે.